### શિનોર નાગરિક બેંક સામે મહાકાળી જવેલર્સની દુકાનમાં બની ઘટના

## ગઠિયો 50 ગ્રામ સોનાનો બિસ્કિટ દુકાનદારની નજર ચૂકવી લઈ ગયો

(પ્રતિનિધિ) શિનોર, તા.26

શિનોર સોની બજાર નાગરિક બેંક ની સામે આવેલ શૈલેષભાઇ માછી મી મહાકાળી ઝવેલર્સ દુકાન આવેલ છે. ગત રોજ તા 25/3/2026 બપોરે 1:30 તેઓની દુકાન મા એક ગ્રાહક બનીને આવેલ ગઠિયા ચેંહરા ને છુપાવી શકે તે રીતે ટોપી પેહરીને આવ્યો હતો. બપોર નો ટાઈમ હોય શૈલેશભાઈ ની દુકાને કામ કરતો નોકર અને તેમનો છોકરો ઘરે જમવા ગયા હતા. જેથી દુકાને એકલા શૈલેષભાઇ હતા. ગાંઠિયો આવી શૈલેષભાઇ પાસેથી એક ચુની અને એક બુટ્ટી ખરીદી કરવાની હોય ડબ્બો ખોલી તેને બતાવતા હતા. ત્યારે એક બીજો ગ્રાહક આવતા તેની સાથે શૈલેષભાઇ વાત કરતા હતા. તેનો લાભ લઈ ગઠિયા એ શૈલેષભાઇ ના પાસે રહેલ ડબ્બામાં ઘરેણાં જોવા હાથ નાખી તેમાંથી એક 50 ગ્રામ નો સિક્કો લઈ ખિસ્સા મા સરકાવી દીધો અને ચુની અને બુટ્ટી ખરીદી તેના 10,500/- પૈસા ચૂકવી દીધા હતા. શૈલેષભાઇ એ બિલ બનાવવા નુ કહેતા ગાંઠિયા એ વેચાતી લીધેલ વસ્તુ પોતાની દીકરી ને બતાવી હમણાં આવું છુ પછી બિલ બનાવજો નુ કહી તરત નીકળી ગયો. ત્યાર બાદ



તરત બીજો ગ્રાહક આવતા તેનું કામ પતિ જતા પેલો ગાંઠિયો હજુ કેમ આવ્યો નથી તેને જોવા બહાર નીકળ્યા પણ તે દેખાયો નહતો. શૈલેષભાઇ ને કાંઈ રંધાયું હોવાનું માલુમ પડતા ડબ્બા મા જોતા એક 50 ગ્રામ સોના નો બિસ્કિટ નહતો. શૈલેષભાઇ એ તુરત તેના દીકરા ને ફોન કરી બોલાવી સોના નો બિસ્કિટ નહોવાનું કહેતા છોકરા એ તરત દબાઓ તપાસતા બિસ્કિટ નહતો. ત્યારબાદ તુરત જ તેને દુકાન ના સીસીટીવી કેમેરા તપાસતા ચુની અને બુટ્ટી લેવા આવેલ ગઠિયો ડબા માંથી સોના નો બિસ્કિટ લઈ ખિસ્સા મા સરકાવતા દેખઈ આવેલ આ ગાંઠિયા ની તપાસ કરી પણ ગાંઠિયો મળ્યો નહિ. આ ગઠિયો તુ વહીલર બાઈક લઈ આવ્યો હોવાનું માલુમ પડ્યું હતું. શિનોર સોની બજાર મા અગાઉ પણ આવા બે કિસ્સા બનેલ છે. જ્યારે આજે સોનાના ભાવ આસામાને છે તેવા સમયે આ કિસ્સો બનતા સોની બજાર મા સોપો પડી ગયો છે. ચોરી કરેલ ગઠિયો સીસીટીવી કેમેરા મા કેદ થઇ ગયેલ છે. દુકાનદાર શૈલેષભાઇ દ્વારા પોલીસ ને મૌખિક જાણ કરી હોવાનું જાણવા મળેલ છે.

### અલીરાજપુર, મધ્યપ્રદેશ ખાતેથી આરોપીને ઝડપી પાડ્યો

## ચોરીના ગુનામાં છેલ્લા અગીયાર વર્ષથી ભાગતા ફરતા આરોપીને કરાલી પોલીસે ડબોચ્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા.26

છોટાઉદેપુર જિલ્લાના હર્ષ શર્મા સાહેબ, મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી,બોડેલી ડિવિઝન, બોડેલી નાઓની સુચના અને સચોટ માર્ગદર્શન હેઠળ કરાલી પો.સ્ટે. ડી.કે.પંડ્યા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર કરાલી પોલીસ સ્ટેશન નાઓ દ્વારા તાબાના પોલીસમાણસોની નાસતા ફરતા આરોપીઓ પકડવા બાબતે ટીમ બનાવવામાં આવેલ, દરમ્યાન, ડી.કે.પંડ્યા, ઈન્ચાર્જ પોલીસ ઈન્સેક્ટર, કરાલી પોલીસ સ્ટેશન નાઓને પાક્કી બાતમી હકીકત મળેલ કે,"કરાલી પો.સ્ટે.એ-પાર્ટ ગુ.ર.નં.૦૭/૨૦૧૫ IPC કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે



છેલ્લા અગીયાર વર્ષથી નાસતો ફરતો આરોપી નામે સચીનભાઇ જુગલીયાભાઈ ચૌહાણ (ચીંગડ) રહે.સુમન્યાવાંટ તા.કઠીવાડા જી.અલીરાજપુર નાનો આજરોજ અલીરાજપુર કોર્ટ ખાતેઆવનાર છે." જે મળેલ ચોક્કસ બાતમી હકીકત અને વર્ણન મુજબના આરોપીને ઝડપી પાડવા સારૂ અત્રેના કરાલી પો.સ્ટે. ખાતેથી તાત્કાલિક પોલીસ ટીમ અલીરાજપુર, મધ્ય પ્રદેશ રાજ્ય ખાતે રવાના કરવામા આવેલ, જ્યા સ્થાનિક કોતવાલી પોલીસને આરોપી હકિકતથી વાકેક કરી સ્થાનિક પોલીસ મદદ મેળવી અલીરાજપુર કોર્ટ પરીસર બહારથી આ નાસતા ફરતા આરોપી સચીનભાઈ જુગલીયાભાઈ ચૌહાણ (ચીંગડ) રહે.સુમન્યાવાંટ તા.કઠીવાડા જી.અલીરાજપુર નાને ઝડપી પાડેલ. જે આરોપી કરાલી પો.સ્ટે ખાતે મો.સા ચોરીના ગુનામા છેલ્લા ૧૧ વર્ષથી નાસતો ફરતો હોય તેને ઝડપી પાડવામા કરાલી પોલીસને મોટી સફળતા મળેલ છે.

## ડભોઈમાં ચૈત્ર નવરાત્રી અને આઠમ (મહાષ્ટમી)ની ભવ્ય ઉજવણી કરાઈ

**ચૈત્ર** નવરાત્રીનું ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ ખૂબ મહત્વ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.26

ચૈત્ર નવરાત્રી અને આઠમ: શક્તિની ઉપાસનાનો પર્વ મનાય છે હિન્દુ ધર્મમાં વર્ષમાં મુખ્ય બે નવરાત્રી ઉજવવામાં આવે છે: અશ્વિન માસની 'શરદીય નવરાત્રી' અને ચૈત્ર માસની 'ચૈત્ર નવરાત્રી'. ચૈત્ર સુદ એકમથી નોમ સુધી ચાલતો આ ઉત્સવ વસંત ઋતુના આગમન સાથે જોડાયેલો છે, તેથી તેને 'વાસંતિક નવરાત્રી' પણ કહેવામાં આવે છે. આ દિવસોમાં આદ્યશક્તિ



જગદંબાના નવ સ્વરૂપોની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

ચૈત્ર નવરાત્રીનું મહત્વ: ચૈત્ર નવરાત્રીનું ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ ખૂબ મહત્વ છે. હિન્દુ નવવર્ષનો પ્રારંભ પણ ચૈત્ર સુદ એકમ (ગુડી પડવો) થી થાય છે. માનવામાં આવે છે કે આ જ દિવસે બ્રહ્માંડની રચના થઈ હતી. આ નવ દિવસો દરમિયાન ભક્તો ઉપવાસ, હવન અને મંત્રોચ્ચાર દ્વારા દેવીની કૃપા મેળવવાનો પ્રયાસ કરે છે. આ સમયગાળો પ્રકૃતિમાં પરિવર્તનનો પણ છે, જે મન અને શરીરની શુદ્ધિ માટે ઉત્તમ માનવામાં આવે છે.

આઠમ (મહાષ્ટમી) નું વિશેષ મહત્વ: નવરાત્રીના આઠમા દિવસને 'દુર્ગા અષ્ટમી' કે 'મહાષ્ટમી' તરીકે ઉજવવામાં આવે છે. ચૈત્ર નવરાત્રીમાં આઠમનું મહત્વ સૌથી વધુ હોય છે.

હવન અને પૂજન: આ દિવસે કુળદેવીના મંદિરોમાં અને ઘરે-ઘરે હવન (નવચંડી) કરવામાં આવે છે. ભક્તો શ્રીફળ હોમીને માતાજીના આશીર્વાદ મેળવે છે.

કન્યા પૂજન: આઠમના દિવસે નાની બાળાઓને (કન્યાઓને) દેવીનું સ્વરૂપ માનીને તેમને જમાડવામાં આવે છે અને ભેટ આપવામાં આવે છે.

શક્તિ પૂજન: આ દિવસે મા મહાગૌરીની પૂજા કરવામાં આવે છે, જે શાંતિ અને શુદ્ધતાના પ્રતીક છે.

ગુજરાતમાં ચૈત્ર નવરાત્રી દરમિયાન અનેક જગ્યાએ ગરબાનું આયોજન થાય છે. મંદિરોમાં વિશેષ શણગાર અને અન્નકૂટ ભરવામાં આવે છે.

## રામનવમી નિમિતે પાદરામાં ભવ્ય શોભાયાત્રા ,શહેરબન્યુંઅયોધ્યાસમાન

(પ્રતિનિધિ) પાદરા, તા.26

પાદરા શહેરમાં રામનવમીના પાવન પર્વની ઉજવણી નિમિતે હિન્દુ એકતા સંગઠન પાદરા દ્વારા ભગવાન શ્રી રામના જન્મોત્સવને અનુલક્ષીને ભવ્ય અને ભક્તિમય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર પાદરા નગર રામમય બની ગયું હતું અને શહેરનો માહોલ અયોધ્યા નગરી જેવો ભક્તિભાવથી ઓતપ્રોત બની ગયો હતો.

ઝંડા બજાર ખાતે સ્થિત શ્રી રામ મંદિરથી ભગવાન શ્રી રામલલાની પ્રતિમાની વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચના અને મહાઆરતી કરવામાં આવી હતી. મહાઆરતી બાદ હજારોની જનમેદની



વચ્ચે ભવ્ય શોભાયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં શણગારેલ પાલખીમાં બિરાજમાન ભગવાન શ્રી રામની પ્રતિમાએ નગરજનોને ભાવવિભોર કરી દીધા હતા.

શોભાયાત્રામાં વડોદરાના પ્રખ્યાત વક્રતુંડ ઢોલ-ત્રાંસા તથા આશરે 15 જેટલા ડી.જે.ના તાલે ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. સાથે જ રામ, લક્ષ્મણ, જાનકી અને હનુમાનજીના વેશમાં સજ્જ કલાકારોએ શોભાયાત્રાને વિશેષ આકર્ષણ પૂરું પાડ્યું હતું.

શહેરના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ચોકસી બજારમાં ચોકસી મહાજન મંડળના પ્રમુખ સૂર્યકાંત ચોકસી સહિત વેપારીઓએ આરતી કરી સ્વાગત કર્યું હતું. ગાંધીચોક વિસ્તારમાં ડૉ. શકુભાઈ પટેલ, સતીશભાઈ ચોકસી, ઘનશ્યામભાઈ ઠક્કર, આશિષ સુખડિયા, સચિન સુખડિયા અને વિનોદ ગાંધી સહિતના વેપારીઓએ પણ ભક્તિપૂર્વક સ્વાગત સાથે આરતી ઉતારી હતી.

નવાપુરા પુનીતચોક ખાતે આવેલ હનુમાનજી મંદિર પાસે સમસ્ત નવાપુરા યુવક મંડળ દ્વારા ભગવાન શ્રી રામલલાની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. આ દરમિયાન ફાયર શોટ દ્વારા ગુલાબની પાંખડીઓની વર્ષા કરવામાં આવી હતી.

## સાવલી નગરમાં રામ નવમીના પાવન પર્વ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી

**સમગ્ર** વાતાવરણ "જય શ્રી રામ"ના નારાઓથી ગૂંજી ઉઠ્યું હતું

(પ્રતિનિધિ) સાવલી, તા.26

સાવલી નગરમાં રામ નવમીના પાવન પર્વે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને સમગ્ર વાતાવરણ "જય શ્રી રામ"ના ગુંજતા નારાઓથી ગૂંજી ઉઠ્યું હતું.

શોભાયાત્રાની શરૂઆત ભીમનાથ મહાદેવ મંદિરથી કરવામાં આવી હતી, જે બાદ નગરના મુખ્ય રાજમાર્ગ પર ભવ્ય શોભાયાત્રા માં ફેરવાઈ હતી. યાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ



સ્થાનિક લોકોએ ભક્તિભાવથી સ્વાગત કર્યું હતું તેમજ આરતી ઉતારી શ્રદ્ધાનો પ્રગટ કરી હતી.

ભક્તો દ્વારા ધ્વજ, ઢો લ નગારા અને ભક્તિગીતો સાથે યાત્રાને ઉત્સવમય બનાવવામાં આવી હતી. સમગ્ર સાવલી નગરમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો અને નગર રામમય બની ગયું હતું.અને નગરજનો રામ ભક્તિમાં ઝૂમતા જોવા મળતા હતા અને નગરજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.જ્યારે મુસ્લિમ વિસ્તારો માંથી શોભાયાત્રા પસાર થતી હતી ત્યારે ભારે કોમી એખલાસ ભર્યા દ્રશ્યો સર્જાયા હતા અને મુસ્લિમ આગેવાનો એ શોભાયાત્રા નું સ્વાગત કર્યું હતું અને જિલ્લા નાયબ પોલીસ વડા મિલન મોદીનું સ્વાગત કરીને ભારે સહયોગ અને સંયમના અને કોમી એકતા ના દશ્યો જોવા મળ્યા હતા.

## ડભોઈ ડેપો દ્વારા સાધલી-વડતાલની બસ શરૂ કરાઈ

**સાધલી** ગ્રામ પંચાયતના ઇન્ચાર્જ સંકેત પટેલ દ્વારા શ્રીફળ વધેરી પ્રસ્થાન કરાયુ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.26

વડતાલ સ્વામિનારાયણ મંદિરે દર્શન માટે જતા ભક્તો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ડભોઈ ડેપો દ્વારા ડભોઈ-શિનોર-સાધલી-વડતાલ રૂટ પર નવી બસ સેવા આજથી શરૂ કરવામાં આવી છે. આ બસ ડભોઈથી સવારે 7:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને શિનોર પહોંચ્યા બાદ સવારે 7:45 વાગ્યે વડતાલ જવા માટે આગળ વધશે. સાધલી બસ સ્ટેન્ડ પર આ બસ સવારે 8:00



વાગ્યે પહોંચશે. ત્યારબાદ બસ કાયાવરોહણ, પોર, કિર્તિં, વડોદરા, વાસદ, આણંદ અને બાકરોલ થઈને વડતાલ પહોંચશે. ખાસ વાત એ છે કે બસ વડતાલમાં આશરે બે કલાક સુધી રોકાશે, જેથી ભક્તો આરામથી દર્શન કરી શકે. ત્યારબાદ બસ એ જ રૂટ પરથી પરત ફરશે. સાધલી ગ્રામ પંચાયતના ઈન્ચાર્જ સંકેત પટેલ તેમજ રેલ એન્ડ રોડ પેસેન્જર એસોશીએશન પ્રમુખ ભુપેન્દ્રસિંહ ગોહિલ દ્વારા શ્રીફળ વધેરી પેંડા ખવડાવી બસનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

### વિવિધ મંદિરોમાં હવન તેમજ ભંડારા સહિતના કાર્યક્રમ યોજાયા

## છોટાઉદેપુરના શ્રી કાલિકા માતાના દર્શનાર્થે માઈ ભક્તો ઉમટી પડ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

હિન્દુ ધર્મમાં વર્ષમાં મુખ્ય બે નવરાત્રી ઉજવવામાં આવે છે: અશ્વિન માસની 'શરદીય નવરાત્રી' અને ચૈત્ર માસની 'ચૈત્ર નવરાત્રી'. ચૈત્ર સુદ એકમથી નોમ સુધી ચાલતો આ ઉત્સવ વસંત ઋતુના આગમન સાથે જોડાયેલો છે, તેથી તેને 'વાસંતિક નવરાત્રી' પણ કહેવામાં આવે છે. આ દિવસોમાં આદ્યશક્તિ જગદંબાના નવ સ્વરૂપોની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

ચૈત્ર નવરાત્રીનું ધાર્મિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ ખૂબ મહત્વ છે. હિન્દુ નવવર્ષનો પ્રારંભ પણ ચૈત્ર સુદ એકમ (ગુડી પડવો) થી થાય



છે. માનવામાં આવે છે કે આ જ દિવસે બ્રહ્માંડની રચના થઈ હતી. આ નવ દિવસો દરમિયાન ભક્તો ઉપવાસ, હવન અને મંત્રોચ્ચાર દ્વારા દેવીની કૃપા મેળવવાનો પ્રયાસ કરે છે. આ સમયગાળો પ્રકૃતિમાં પરિવર્તનનો પણ છે, જે મન અને શરીરની શુદ્ધિ માટે ઉત્તમ માનવામાં આવે છે.

નવરાત્રીના આઠમા દિવસને 'દુર્ગા અષ્ટમી' કે 'મહાષ્ટમી' તરીકે ઉજવવામાં આવે છે. ચૈત્ર નવરાત્રીમાં આઠમનું મહત્વ સૌથી વધુ હોય છે. આ દિવસે કુળદેવીના મંદિરોમાં અને ઘરે-ઘરે હવન (નવચંડી) કરવામાં આવે છે. ભક્તો શ્રીફળ હોમીને માતાજીના આશીર્વાદ મેળવે છે.

ઘણા ભક્તો આ દિવસે કુળદેવીના દર્શનાર્થે પાવાગઢ, અંબાજી કે ચોટીલા જેવા શક્તિપીઠોની મુલાકાત લે છે ચૈત્ર નવરાત્રી અને આઠમનો તહેવાર આપણને અસત્ય પર સત્યના વિજય અને નારી શક્તિના સન્માનની પ્રેરણા આપે છે.

### છોટાઉદેપુરમાં કેમ થયું હતું 'ચિપકો આંદોલન'?, આજના દિવસે

## નાલેજના જંગલમાં મહુડાના ઝાડ ફરતે ચીપકીને આંદોલન કરવામાં આવ્યું હતું

**પૂર્વ** નાણાંમંત્રી સ્વ. સનત મહેતા, સ્વ. હરિવલ્લભભાઈ પરીખની આગેવાનીમાં આંદોલન કરવામાં આવ્યુ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

26 માર્ચ એટલે વૃક્ષો પ્રત્યે પ્રેમ અને આત્મીયતા પ્રગટ કરવાનો દિવસ ગણી શકાય. આ વાત છે વર્ષ 1974ની, 26 મી માર્ચના રોજ મહુડાના વૃક્ષોને કાપતા બચાવવાં છોટાઉદેપુરના નાલેજ પીપલેજના જંગલોમાં આદિવાસી મહિલાઓએ મહુડાના વૃક્ષોને બચાવવાં ચીપકીને ચિપકો આંદોલન કર્યું હતું.

ચિપકો આંદોલન વર્ષ 1970માં સુંદરલાલ બહુગુણાની આગેવાનીમાં, તે વખતના ઉત્તરપ્રદેશ અને આજના ઉત્તરાખંડના



જંગલોની સુરક્ષા માટે સ્થાનિક લોકો દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું, પણ તેની અસર છોટાઉદેપુરમાં પણ થઇ હતી. સ્વર્ગીય હરિવલ્ભ પરીખ, પૂર્વ નાણાંમંત્રી સ્વર્ગીય સનત મહેતાની આગેવાનીમાં છોટાઉદેપુર પાસે આવેલા પીપલેજના જંગલમાં આદિવાસી લોકોએ વૃક્ષોને ગળે લગાવી દીધા હતા, કારણ કે કોઈ તેને કાપી ન શકે. આ આલિંગન પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચે પ્રેમનું પ્રતિક બન્યું હતું, અને તેનું નામ 'ચિપકો' પડી ગયું હતું.

> **કેમ કરવામાં આવ્યું હતું ચીપકો આંદોલન?**
>
> મહુડાના ફૂલમાંથી દારૂ બને છે, તેમ કરી સરકારે મહુડાના વૃક્ષોને કાપી નાખવાનો પરવાનો આપી દેવાતા મહુડાના ઝાડ કાપી નાખવામાં આવશે, તેવી શક્યતાઓને લઈને પૂર્વ નાણાંમંત્રી સ્વ. સનત મહેતા, સ્વ. હરિવલ્લભભાઈ પરીખની આગેવાનીમાં નાલેજના જંગલમાં મહુડાના ઝાડ ફરતે ચીપકીને આંદોલન કરવામાં આવ્યું હતું.

આ ચિપકો આંદોલનના ફળ સ્વરૂપે છોટાઉદેપુર જિલ્લાની ખડતલ ભૂમિ પર હજારોની સંખ્યામાં મહુડાના વૃક્ષો સચવાયેલા જોવા મળી રહ્યાં છે, અને તેમાંથી આદિવાસીઓ ખુબ સારી આવક મેળવી રહ્યાં છે, ચીપકો આંદોલન વિશે ગ્રામજનો એ જણાવ્યું હતું કે "મહુડાના ઝાડ કાપી નાખવાનો પરવાનો આપી દેવાતા પીપલેજ નાલેજના જંગલમાં 26 માર્ચના રોજ મહુડાના ઝાડને ચીપકીને ચિપકો આંદોલન કરવામાં આવ્યું હતું અને રેલી કાઢી DFOને આવેદન પત્ર આપવમાં આવ્યું હતું, અને એ આંદોલન થી જ મહુડાના વૃક્ષો સચવાયા છે. અને આજે પણ ગામડામાં લોકો મહુડા, ડોળીમાંથી હજારો રૂપિયાની આવક મેળવી રહ્યા છે."

ગ્રામીણ વિસ્તારોમાં ગામની સીમમાં આવેલા મહુડાના ઝાડની સદીઓથી પહેલા દરેક કુટુંબને વહેંચણી કરવામાં આવી હતી, જે મહુડા પર આવતા ફૂલ અને ડોળીમાંથી આવક મેળવવાની સામાજિક વ્યવસ્થા કરવામાં આવી હતી. મહુડાના વૃક્ષ કાપવું એ ગુન્હો બને છે. વૃક્ષછેદન ધારા હેઠળ, આ વૃક્ષ કાપવા પર પ્રતિબંધ મુકવાનો ધારો અમલમાં આવવાથી છોટાઉદેપુર જીલ્લામાં પુષ્કળ પ્રમાણમાં મહુડાના ઝાડ સચવાયેલા છે.

આદિવાસીઓ મહુડા પર માર્ચ મહિનામાં આવતા ફૂલને વીણીને એકત્રિત કરી તેનું વેચાણ કરી રોજગારી મેળવી રહ્યાં છે, તો ફૂલ આવ્યા બાદ ડોળીનું ફળ આવે છે, જે ડોળીમાંથી તેલ કાઢી ખાદ્ય તેલ તરીકે ખોરાકમાં ઉપયોગમાં લેવાય છે. જો તે સમયે ચીપકો આંદોલન ના થયુ હોત તો છોટાઉદેપુર ના આદિવાસી પંથકમાં મહુડા વૃક્ષ કાપી નંખાયા હોત અને મહુડા નું ફૂલ અને ડોળી કદાચ આપણા સૌ માટે દુર્લભ ગણાત.


## 30 બહેનોને બે માસની બાંબુ આર્ટિકલની તાલીમ અંતે પ્રમાણપત્રો અપાયા

છોટાઉદેપુર : છોટાઉદેપુર ખાતે ગુજરાત માટીકામ દ્વારા આયોજિત ૨ માસીય બાંસ આર્ટિકલ (Bamboo Article) તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. આ તાલીમમાં કુલ ૩૦ બહેનોને તાલીમ આપવામાં આવી હતી અને તેમને સ્વરોજગાર માટે જરૂરી માર્ગદર્શન તેમજ સાધનો અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન નગરપાલિકા સભ્ય અસમાબેન પઠાણ દ્વારા જણાવાયું હતું કે નગરની જરૂરિયાતમંદ મહિલાઓ સુધી વિવિધ સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે. તાલીમ પૂર્ણ કરનાર બહેનોને સ્વરોજગાર તરફ આગળ વધવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

## પાદરામાં LCBની રેડ : 4.11 લાખના મુદ્દામાલ સાથે દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.26

પિતા - પુત્ર ની ધરપકડ, દારૂ સપ્લાય કરનાર ફરાર. વડોદરા ગ્રામ્ય એલ.સી.બી. પોલીસ દ્વારા પાદરા નગર અને તાલુકામાં દારૂના ગેરકાયદેસર ધંધા વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મળેલ ચોક્કસ બાતમીના આધારે એલ.સી.બી. ટીમે પાદરા નગર વિસ્તારમાં બજરંગનગર પાછળ આવેલા ખેતરમાં રેડ પાડતા ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. માહિતી મુજબ એલ.સી.બી.ના મુકેશભાઈ પાંચાભાઈ તેમજ અશોકભાઈ કાનાભાઈ તથા ટીમ પેટ્રોલિંગમાં હતા ત્યારે મળેલ બાતમી મુજબ પાદરા મતીયા મંદિરવાળા ફળીયાના રહેવાસી




પૃથ્વી રીંકીનભાઈ પટેલ પોતાના ખેતરની ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી છુટક વેચાણ કરે છે. આ બાતમીના આધારે ઘટના સ્થળે સંયુક્ત રીતે એલ.સી.બી. પોલીસે રેડ પાડી હતી. રેડ દરમ્યાન પૃથ્વી રીંકીનભાઈ પટેલ (ઉ.વ. ૨૧) અને રીંકીનભાઈ ભોગીલાલભાઈ પટેલ (ઉ.વ. ૪૩) ને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા જ્યારે દારૂ સપ્લાય કરનાર શંભુભાઈ માળી (રહે. તરસાલી, વડોદરા) ફરાર હોવાનું જણાયું હતું.